'ફ્રી વેક્સિન'ના હોર્ડિંગ્સ લટકાવી, યુવાનોને રઝળતા કર્યાની બબાલ

# બીજા ડોઝ શોધવા નાગરિકો બેહાલ, ૧૮ શહેરોમાં ફરજિયાત રસીનો છેલ્લો દિવસ

## ૨૧ જૂને ૫.૮૦ લાખને વેક્સિન આપનાર સરકારે ૨.૫૩ લાખ ડોઝને પોતાની સિદ્ધિ કહી!

। ગાંધીનગર ।

વેક્સિનની સખત અછત વચ્ચે ૨૮ દિવસ પછી કો- વિક્સિનનો બીજો ડોઝ મેળવવા સેંકડો નાગરીકોને રીતસર રઝળપાટ કરવો પડી રહ્યો છે. ૮૪ દિવસનું અંતર રાખ્યા બાદ કોવિશિલ્ડનો પહેલો ડોઝ મુકવનારા નાગરીકોને પણ બુસ્ટર મળતો નથી. આ સ્થિતિ વચ્ચે વેપાર- ધંધો અને વ્યવસાય કરવા માટે ૧૮ શહેરોમાં ફરજિયાત વેક્સિનને આડે મંગળવારની સાંજ સુધીનો સમય રહેતા સોમવારે સેંકડો સેન્ટરો ઉપર નાગરીકો અને આરોગ્ય કર્મચારીઓ વચ્ચે ઘર્ષણના દશ્યો સર્જાયા હતા.

ગુજરાતમાં ગત સપ્તાહથી વેક્સિનની સખત અછત વચ્ચે ૩,૦૦૦થી વધુ સેન્ટરો ઉપર વોક-થ્રુ સંપૂર્ણ બંધ કરી દેવાયુ છે. બીજી તરફ અનેક જાહેરમાર્ગો ઉપર બિલાડીની ટોપની જેમ 'ફ્રી- વેક્સિન માટે ભાજપ સરકારનો આભાર'ના હોર્ડિંગ્સ ફુટી નિકળ્યા છે. તેના કારણે પણ યુવાનોમાં રોષ ફાટી નિકળ્યો છે. ૨૧ જૂનને સોમવારે મહા રસીકરણ અભિયાનના આરંભે ૫.૮૦ લાખ નાગરીકોનું વેક્સિનેશન કરનાર ગુજરાતમાં સરકારે શનિ- રવિની રજાઓમાં માત્ર ૨.૪૯ લાખથી ઓછાને રસી આપ્યા બાદ સોમવારે ૨,૫૩,૯૩,૦૦૦ને જ ડોઝ આપી શકી છે. તેને CMO દ્વારા અપૂર્વ સિધ્ધી તરીકે જાહેર કરાઈ છે. સરકારે જાહેર કર્યુ કે, ગુજરાતમાં ૧૮થી વધુ વયના ૪૦ ટકા નાગરીકોને પહેલો ડોઝ મળી ચૂક્યુ છે. ઉપરોક્ત દાવા સામે હકીકતમાં વેક્સિનને પાત્ર ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ નાગરીકોમાંથી માત્ર ૫૫ લાખ ૩૧ હજાર ૨૮૪ને જ બંને ડોઝ મળ્યા છે. બીજા ડોઝમાં થતા વિલંબ, વારંવારના ધક્કાને કારણે નાગરીકોમાં વેક્સિન પ્રત્યેનો ઉત્સાહ ઓસરી રહ્યો છે. જે ત્રીજી લહેર સામેની તૈયારીને નબળી પાડશે.

ભાજપની ઐતિહાસિક જીતનો સિરપાવ મળશે

# મોદી મંત્રીમંડળનું ટૂંકમાં વિસ્તરણ CR પાટિલ મંત્રી બને એવી શક્યતા

। ગાંધીનગર ।

૧૮ જૂલાઈથી લોકસભાના ચોમાસુ સત્રની શરૂઆત થઈ રહી છે. તે પહેલા કેન્દ્રીય મંત્રી મંડળનું વિસ્તરણ નક્કી મનાય છે. આ વિસ્તરણમાં ગુજરાતમાંથી નવસારીના સાંસદ અને ગુજરાત ભાજપ અધ્યક્ષ સી.આર.પાટિલને મંત્રીપદ મળશે તેવી પૂરેપૂરી શક્યતા જોવાય છે.

ગતવર્ષે જૂલાઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સી.આર.પાટીલને ગુજરાત ભાજપના અધ્યક્ષ બનાવ્યા હતા. પાટીલે ૧૧ મહિનાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પહેલીવાર તમામ જિલ્લા- તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ, મ્યુ. કોર્પોરેશનમાં ભાજપને શાસન અપાવ્યુ, કોંગ્રેસનું સાવ કચ્ચરઘાણ વળ્યુ હતુ. પેજ પ્રમુખના પ્રયોગથી મેળવેલી સફળતા અને યોગ્યતાને આધારે પાટિલને મંત્રીમંડળમાં સ્થાન મળશે. ગુજરાત ભાજપનું સૂકાન સંભાળ્યા અગાઉ પાટિલ કર્ણાટક, બિહાર અને છેલ્લે તમિલનાડૂની વિધાનસભા ચૂંટણીઓમાં પણ ભાજપ સંગઠનમાં રણનીતિકાર તરીકે તેમની મહત્વની ભૂમિકા રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં ગુજરાતમાંથી ગાંધીનગરના સાંસદ અમિત શાહ ગૃહમંત્રી છે. રાજ્યસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા મનસુખ માંડવિયા કેન્દ્ર સરકારમાં પોર્ટ, શિપિંગ, કેમિકલ્સ મંત્રી છે. જ્યારે પુરસોત્તમ રૂપાલા રાજ્યકક્ષાના કૃષિ મંત્રી તરીકે છે. હવે ચોથા મંત્રી તરીકે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટિલનો સમાવશે થશે. દક્ષિણ ગુજરાત ક્ષેત્રને કાશીરામ રાણા પછી સરકારમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યુ નથી. સ્થાનિક સ્તરે એ લાગણીને ન્યાય આપવા પણ પાટિલને ભારત સરકારમાં સ્થાન મળે તેવી રાજકીય ગણતરી છે.

પરિણામની સત્તા મળતા સ્કૂલોએ ખોબલે ખોબલે માર્કસ આપ્યા

# SSCનું પરિણામ જાહેર : A૧ ગ્રેડવાળા વિદ્યાર્થીઓની સંખ્યામાં દસ ગણો વધારો

ગત વર્ષે A૧ ગ્રેડમાં ૧,૬૭૧ વિદ્યાર્થી હતા આ વર્ષે સીધા ૧૭,૧૮૬ થયા

ગત વર્ષે ૪,૮૦,૮૪૫ વિદ્યાર્થી પાસ થયા હતા, આ વર્ષે માસ પ્રમોશન વાળા જ ૮,૫૭,૨૦૪

। અમદાવાદ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ.૧૦ના માસ પ્રમોશન પ્રાપ્ત કરેલા ૮,૫૭,૨૦૪ નિયમિત વિદ્યાર્થીઓનું મંગળવારે રાત્રે ૮ વાગે જાહેર કર્યુ છે. આ વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવાની સંપૂર્ણ સત્તા સ્કૂલોને સોંપાઈ હતી. સ્કૂલોએ વિદ્યાર્થીઓને ખોબલેને ખોબલે માર્કસ આપ્યાં છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે A૧ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૦.૨૮ ગણો વધારો થયો છે. ગત વર્ષે બોર્ડના તમામ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧,૬૭૧ વિદ્યાર્થીઓએ જ A૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. જોકે આજે જાહેર થયેલા પરિણામમાં A૧ ગ્રેડમાં કુલ ૧૭,૧૮૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જેના પરથી સ્પષ્ટ માની શકાય છે કે, રાજ્યની અનેક સ્કૂલોએ માનિતા વિદ્યાર્થીઓને મનફાવે તેટલા માર્કસ આપી દીધાં છે.ગત વર્ષે ધોરણ.૧૦માં કુલ ૪,૮૦,૮૪૫ વિદ્યાર્થી પાસ થયાં હતા, જેની સામે આ વખતે ૮,૫૭,૨૦૪ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપતાં આ સંખ્યામાં ૩,૭૬,૩૫૯નો વધારો થયો છે.

શિક્ષણ બોર્ડમાં ચાલુ વર્ષે નોંધાયેલા કુલ ૮,૫૭,૨૦૪ નિયમિત વિદ્યાર્થીઓમાં ૪,૯૦,૪૮૨ વિદ્યાર્થીઓ અને ૩,૬૬,૭૨૨ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થીઓને કોરોનાના કારણે આ વર્ષે માસ પ્રમોશન આપવામાં આવ્યું હતુ. પરંતુ વિદ્યાર્થીઓને ગુણપત્રક અને પ્રમાણપત્રક મળી રહે તેના માટે મૂલ્યાંકનની કામગીરી સ્કૂલોને સોંપવામાં આવી હતી. બોર્ડે સ્કૂલોને તસ્ટસ્થ મૂલ્યાંકન કરવાની સુચના આપી હોવા છતાં અનેક માનીતા વિદ્યાર્થીઓને વધુ ગુણ અપાયાં હોવાનું બોર્ડે જાહેર કરેલા A૧, A૨ અને B૧ ગ્રેડના વિદ્યાર્થીઓના આંકડા પરથી ફલિત થાય છે. ગત વર્ષની વાત કરીએ તો A૧ ગ્રેડના ૧,૬૭૧, A૨ ગ્રેડના ૨૩,૭૫૪ અને B૧ ગ્રેડમાં ૫૮,૧૨૮ વિદ્યાર્થી મળીને આ ત્રણેય ગ્રેડમાં કુલ ૮૩,૫૫૩ વિદ્યાર્થી થતાં હતા. જોકે આ પરિણામમાં A૧ ગ્રેડમાં ૧૭,૧૮૬ વિદ્યાર્થી, A૨ ગ્રેડમાં ૫૭,૩૬૨ વિદ્યાર્થી અને B ગ્રેડમાં ૧,૦૦,૯૭૩ વિદ્યાર્થી મળીને આ ત્રણેય ગ્રેડમાં કુલ ૧,૭૫,૫૨૧ વિદ્યાર્થીનો સમાવેશ કરાયો છે

### ૬ વર્ષમાં અંગ્રેજીમાં A૧ ગ્રેડના વિદ્યાર્થી ૯૦થી વધ્યાં નથી, આ વર્ષે સીધા ૧,૭૨૧

સ્કૂલોને પરિણામ તૈયાર કરવાની સત્તા સોંપાતા માર્કસ આપવાનુ માપ બહાર ગયું હોય તેવુ ફલિત થાય છે. ધોરણ.૧૦ના અંગ્રેજી વિષયમાં છેલ્લા ૬ વર્ષમાં A૧ વાળા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦થી ઉપર ગઈ નથી, પરંતુ આ વર્ષે સ્કૂલોના પ્રતાપે આ સંખ્યા સીધી ૧,૭૨૧ થઈ છે. અંગ્રેજી વિષયમાં A૧ના વિદ્યાર્થીઓના વર્ષ પ્રમાણે આંકડા જોઈએ તો ૨૦૧૫માં ૫૮, ૨૦૧૬માં માત્ર ૧, ૨૦૧૭માં ૨૦, ૨૦૧૯માં ૮૮ અને ૨૦૨૦માં ૭૬ વિદ્યાર્થી હતાં. ગુજરાતીમાં પણ A૧ ગ્રેડ વાળા વિદ્યાર્થી ૧,૫૦૦ની નિચે જ રહ્યાં છે, પરંતુ આ વર્ષે આ સંખ્યા પણ વધીને સીધી ૧૬,૧૧૬ થઈ ગઈ છે.

### ૨૦૨૦ અને ૨૦૨૧નું ગ્રેડ વાઈઝ પરિણામ

| ગ્રેડ | 2020 | 2021 |
|---|---|---|
| A1 | 1,671 | 17,186 |
| A2 | 23,754 | 57,362 |
| B1 | 58,128 | 1,00,973 |
| B2 | 1,05,971 | 1,50,432 |
| C1 | 1,59,108 | 1,85,266 |
| C2 | 1,18,230 | 1,72,253 |
| D | 13,977 | 1,73,732 |

### આ જિલ્લાઓમાં A૧ ગ્રેડની સંખ્યામાં મોટો તફાવત

| જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| સુરત | ૩૫૦ | ૨,૯૯૧ |
| રાજકોટ | ૨૩૧ | ૨,૦૫૬ |
| ભાવનગર | ૧૧૫ | ૧,૧૬૬ |
| જુનાગઢ | ૫૪ | ૧,૦૧૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૦૪ | ૧,૧૫૮ |
| અમદાવાદ શહેર | ૧૧૩ | ૮૮૧ |
| મહેસાણા | ૪૪ | ૭૫૪ |

આરોગ્ય વિભાગની ટીમે મહિલા દર્દીની આસપાસના ૨૦ ઘરોનો સર્વે કર્યો

# જામનગરમાં ઝડપથી પ્રસરતા કોરોના ડેલ્ટા પ્લસ વેરિઅન્ટનો કેસ નોંધાયો

## મે માસમાં મહિલાને કોવિડ થયો હતો અને પૂના લેબમાં ડેલ્ટાની પુષ્ટિ

। જામનગર ।

જામનગરમાં કોરોનાના બદલાયેલા અને ફેલાવામાં ૬૦ ટકા વધુ ઝડપી મનાતા ડેલ્ટા પ્લસ વેરિયન્ટનો જિલ્લાનો પ્રથમ કેસ ગત મહિને નોંધાઈ ચુક્યો હોવાનું ઘટસ્ફોટ થતાં ચકચાર જાગી છે. પુના ખાતેથી લેબોરેટરીમાં સેમ્પલ તપાસમાં સામે આવ્યા બાદ આજે રાજ્યના આરોગ્ય વિભાગની સૂચનાથી મહાપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા દર્દીની ભાળ મેળવી આસપાસના ૨૦ ઘરોનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

જામનગરમાં ગાંધીનગરમાં અન્નપૂર્ણા મંદિર વિસ્તારમાં રહેતા બાવન વર્ષિય મહિલા ગત ૨૮મેના કોવિડની સારવાર માટે કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સાજા થતા ૨ જુનના હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. દરમ્યાન હોસ્પિટલમાં આવતા દર્દીઓ પૈકીના ૧૦ ટકા દર્દીઓના સેમ્પલો પુનાની લેબમાં મોકલવાની પ્રક્રિયા અંતર્ગત મહિલા દર્દીનું સેમ્પલ પણ પુના મોકલાયું હતું. જ્યાં દર્દીમાં કોરોનાના ડેલ્ટા પ્લસ વેરિયન્ટની હાજરી જોવા મળી હતી. આ અંગે રાજ્યના આરોગ્ય વિભાગને જાણ કર્યા બાદ ત્યાંની સુચનાથી મ્યુ.કોર્પો.ની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સાજા થઈ ચુકેલા મહિલા દર્દીની, તેના પરિવારની અને તેના ઘર આસપાસના ૨૦ જેટલા ઘરોમાં કોરોનાના કેટલા કેસ નોંધાયા હતા તેનો સર્વે કરવામાં આવ્યો હતો. જેનો રિપોર્ટ મ્યુ.આરોગ્ય તંત્રએ ગાંધીનગર ખાતે મોકલવાની પ્રક્રિયા કરી છે તેમ મ્યુ.કોર્પો.ના આરોગ્ય વિભાગના ડોક્ટરે જણાવ્યું હતું.

પ્રવીણા ડી.કે. ફરી કચ્છ કલેક્ટરપદે

# આઈએએસની બદલીઓમાં નિર્ણયની ઊલટાસૂલટીનો સિલસિલો યથાવત્

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

ગુજરાત સરકાર દ્વારા આઈએએસ અધિકારીઓની થતી બદલીઓમાં નિર્ણયની અસ્થિરતાનો સિલસિલો યથાવત્ છે. સરકાર પોતાનાં જ નિર્ણયો ઊલટાં કરી રહી છે. કચ્છ કલેક્ટર પ્રવીણા ડી.કે.ની નિમણૂક ૧૯મી જૂનની બદલીઓ વખતે પંચમહાલ કલેક્ટર તરીકે થઈ હતી અને છોટાઉદેપુરના કલેક્ટર સુજલ માયત્રાને કચ્છ કલેક્ટર તરીકે નીમવામાં આવ્યા હતા. પ્રવીણાબહેનને કચ્છમાં માંડ દોઢ વર્ષ થયું હતું, છતાં એમને એ વેળા બદલવામાં આવ્યા હતા. હવે સરકારે ફરી પ્રવીણા ડી.કે.ની દસ દિવસ બાદ કચ્છ કલેક્ટર તરીકે નિયુક્તિ કરી છે. આ નિમણૂક સાથે ૧૯મી જૂને જેમને કચ્છ કલેક્ટર તરીકે નિમણૂક અપાઈ હતી, તેમને પ્રવીણાબહેનની બદલીથી ખાલી પડેલી પંચમહાલ કલેક્ટરના સ્થાને બદલી કરાઈ છે. દરમિયાન વિધાનસભાના અધ્યક્ષના પર્સનલ સેક્રેટરી તરીકે સી.એમ. ત્રિવેદી નિમાયા છે, જેઓ અગાઉ રાજ્યવેરા કચેરીમાં અધિક કમિશનર હતા.

# RTOના ડ્રાઈવિંગ ટ્રેક પર સવારે ૭.૩૦થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ટેસ્ટ લેવા કવાયત શરૂ

સુરત : સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ આરટીઓમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકનો સમય સવારે ૭.૩૦થી રાત્રે ૧૧ વાગ્યા સુધીનો કરવા કવાયત હાથ ધરાઈ છે. આ ચાર મહાનગરોમાં ડ્રાઈવિંગ ટેસ્ટની એપોઈન્ટમેન્ટનો વેઈટિંગ પિરિયડ વધીને દોઢથી બે મહિનાનો થઈ ગયો હોવાથી ટેસ્ટ ટ્રેકનો સમય વધારવા તંત્રે નિર્ણય લીધો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સુરત સહિત રાજ્યની ચારથી પાંચ આરટીઓ કચેરીમાં પાકું ડ્રાઈવિંગ લાઈસન્સની ટેસ્ટ માટે દોઢથી બે મહિનાનું વેઈટિંગ જોવા મળી રહ્યું છે. લાઈસન્સધારક એક વખત એપોઈન્ટમેન્ટ લે અને ટેસ્ટમાં ફેલ થાય તો બીજી વખત ટેસ્ટ આપવાનો પણ મોકો મળતો નથી. જેને કારણે લાઈસન્સધારકે કાચું ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યૂઅલ કરાવવાની નોબત આવી રહી છે. ડ્રાઈવિંગ ટેસ્ટ પર વેઈટિંગ પિરિયડ વધતાં વાહન વ્યવહાર વિભાગે દરરોજ બમણાં ટેસ્ટ લેવાનું વિચારી ટ્રેકના સમયમાં વધારો કરવા નિર્ણય લીધો છે.

ધો.૧૨ના પરિણામમાં NIOS, CBSEના માર્કસ ગણવાની માર્ગદર્શિકા જાહેર

# ધો.૧૨ના પરિણામ માટે ધો.૧૦ NIOS બોર્ડના સૈદ્ધાંતિક પરીક્ષાના જ ગુણ ગણાશે

## ઓપન બોર્ડમાં દરેક વિષયમાં માર્કસ જુદા હોય છે, જેથી ૭૦ માર્કસમાં ગુણાંકન થશે

## CBSE બોર્ડના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષા ગુજરાતી અથવા હિન્દી ગણાશે

। અમદાવાદ ।

ધોરણ.૧૨ની બોર્ડની પરીક્ષા રદ કર્યા બાદ તાજેતરમાં શિક્ષણ બોર્ડે પરિણામ તૈયાર કરવા અંગેની ફોર્મ્યુલા પ્રસિદ્ધ કરી હતી. પરંતુ આ ફોર્મ્લુયામાં ઓપન બોર્ડ (NIOS), CBSE અને રિપિટર વિદ્યાર્થીઓના ધોરણ.૧૦ના માર્કસ કેવી રીતે ગણવા તેને લઈ ભારે મુઝવણ પેદા થઈ હતી. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા આ મુદ્દે અલગથી માર્ગદર્શિકા જાહેર કરી છે. બોર્ડે જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ ઓપન બોર્ડના વિદ્યાર્થીઓના ધોરણ.૧૦ના માત્ર સૈદ્ધાંતિક પરીક્ષાના ગુણ ગણતરીમાં લેવામાં આવશે. ઓપન બોર્ડમાં દરેક વિષની પરીક્ષામાં માર્કસ જુદા જુદા હોય છે, જેથી દરેક વિષયના માર્કસને ૭૦ ગુણમાં ગુણાંકન કરવામાં આવશે. સીબીએસઈ બોર્ડમાં ત્રીજી ભાષા હોતી નથી. જેથી CBSE બોર્ડના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષા ગુજરાતી અથવા હિન્દી ગણાશે.

NIOS બોર્ડમાં ધોરણ.૧૦ના જુદા જુદા વિષયમાં સૈદ્ધાંતિક, પ્રાયોગીક અને આંતરિક મૂલ્યાંકનની જોગવાઈ દરેક વિષયોમાં અલગ-અલગ છે. દાખલા તરીકે અંગ્રેજી વિષયમાં સૈદ્ધાંતિક પરીક્ષાના ૮૦ ગુણ છે તો ગણિતમાં ૬૮ છે. જેથી ધો.૧૨નું પરિણામ તૈયાર કરતી વખતે માત્ર સૈદ્ધાંતિક પરીક્ષાના ગુણ ધ્યાનમાં લેવાશે અને તે ગુણને ૭૦ ગુણમાં ગુણાંકન કરાશે. જેમ કે, કોઈ ઉમેદવારે અંગ્રેજી વિષયમાં ૮૦માંથી ૩૭ ગુણ મેળવ્યાં છે તો તેને ગુજરાત બોર્ડના ૭૦ ગુણમાં ફેરવતાં તેના ૩૨.૩૭ ગુણ થાય છે.

આ ગુણને ૫૦ ગુણમાં રૂપાંતરીત કરતાં ૨૩.૧૨ ગુણ ઉમેદવારને ધો.૧૨ના પરિણામમાં મળવાપાત્ર થાય છે. આ સિવાય NIOS બોર્ડમાં બીજી અને ત્રીજી ભાષા તરીકે અંગ્રેજી વિષયને ધ્યાનમાં લેવાશે.

મુકબધિર વિદ્યાર્થીઓના કિસ્સામાં એક જ ભાષા પસંદ કરવાની છુટ હોય છે. જેથી આવા વિદ્યાર્થીઓ દ્વારા એક જ ભાષા પસંદ કરેલી હોય છે. આવા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ઉક્ત એક જ ભાષાને ધોરણ.૧૨ના પરિણામમાં જ્યાં જ્યાં ભાષાના ગુણની જરૂરિયાત છે ત્યાં ત્યાં આજ ભાષાના ગુણની ગણતરી કરવાની રહેશે.

### રિપિટર વિદ્યાર્થીઓના બંને પરીક્ષાના ગુણ ગણતરીમાં લેવાશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ.૧૦માં એક વિષયમાં નાપાસ થાય એ વિદ્યાર્થી જ્યારે રિપિટર ઉમેદવાર તરીકે પરીક્ષા આપે છે ત્યારે તેની પરીક્ષા ૧૦૦ ગુણની લેવામાં આવે છે. જેથી રિપિટર વિદ્યાર્થીઓના બે જુદા જુદા ગુણપત્રકોમાં ૭૦ અને ૧૦૦ ગુણની પરીક્ષાના સંદર્ભે ગુણની ગણતરી કેવી રીતે કરવી તે મોટો પ્રશ્ન ઉઠ્યો હતો ? આવા વિદ્યાર્થીઓના ૭૦ અને ૧૦૦ ગુણની બંને પરીક્ષાના ગુણને ૭૦માં રૂપાંતરીત કરીને ગુણ ગણવામાં આવશે.

# સ્પીડમાં મદમસ્ત જવાનિયાએ શિવરંજની પાસે શ્રમિક પરિવારને કચડ્યો : મહિલાનું કરુણ મોત

અમદાવાદ : બોડકદેવમાં બે આશાસ્પદ યુવાનોના મૃત્યુનું કારણ બનનાર હીટ એન્ડ રન કેસના ચોંકાવનારા કેસના દોષિત વિસ્મય શાહની તો હજુ સજા પણ પૂરી થઈ નથી ત્યાં વધુ એક યુવાન પર્વ શાહ જીવલેણ હીટ એન્ડ રનનો ગુનેગાર બન્યો છે.

સેટેલાઈટના શિવરંજની ચાર રસ્તા પાસેની બિમાનગર સોસાયટી બહાર સોમવારે મોડી રાત્રે ૧૨:૩૦ વાગે વેન્ટો અને આઈ -૨૦ કારના ચાલકો કાર રેસ કરતા હતા. ત્યારે એક કારને ઓવરટેક કરવા માટે ૧૨૦થી ૧૩૦ની સ્પીડે આવેલી I ૨૦ કારના ચાલકે ફૂટપાથ પર સૂતેલા લોકો પર ફરી વળી હતી. જેમાં એક મહિલા ૧૦૦ ફુટ સુધી ફંગોળતા તેનુ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે અન્ય બે શખ્સો કારના આગળના બોનટ નીચે તેમજ બે બાળકો કારના ટાયરમાં ફસાઈ જતાં ઈજા પહોંચી હતી.

**શ્રી સમસ્ત બ્રહ્મ સહાયક ક્રેડીટ કો.ઓ.સો.લી.**
(રજી. નં. ૨૮૦૯૦/૯૫)

**૨૬મી વાર્ષિક સાધારણ સભાની સુચના**

ક્રેડીટ સોસાયટીના સર્વ સભાસદોને જણાવવામાં આવે છે કે ધિરાણ મંડળીની ૨૬મી વાર્ષિક સભા તા.૪–૦૭–૨૦૨૧, રવિવારે બપોરે ૪.૩૦ કલાકે ગોરખનાથ મહાદેવ પ્રાર્થના હોલ, ગોરવા, વડોદરા ખાતે કોવીડ–૧૯ સરકારશ્રીના નિયમો મુજબ સોશ્યલ ડીસ્ટન્સીગ અને ફરજીયાત માસ્ક સાથે સાધારણ સભાની કાર્યવાહી થશે.

તા.૨૦–૬–૨૦૨૧ વ્યવસ્થાપક કમિટીના હુકમથી
સ્થળ : વડોદરા ઠાકોરભાઈ જે. પટેલ (મંત્રી)

**પશ્ચિમ રેલવે 5 જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનોની ટ્રિપો વધારે છે**

| ટ્રેન નં. | થી | સુધી | ફ્રિકવન્સી | સુધી સૂચિત | સુધી વધારેલ |
|---|---|---|---|---|---|
| 02989 | દાદર | અજમેર જં. | ત્રિ-સાપ્તાહિક (ગુરુ, શનિ, સોમ) | 01.07.2021 | 30.09.2021 |
| 02990 | અજમેર જં. | દાદર | ત્રિ-સાપ્તાહિક (બુધ, શુક્ર, રવિ) | 30.06.2021 | 29.09.2021 |
| 02490 | દાદર | બિકાનેર જં. | દ્વિ-સાપ્તાહિક (બુધ અને રવિ) | 30.06.2021 | 29.09.2021 |
| 02489 | બિકાનેર જં. | દાદર | દ્વિ-સાપ્તાહિક (મંગળ અને શનિ) | 29.06.2021 | 28.09.2021 |
| 04818 | દાદર | ભગતકી કોઠી | દ્વિ-સાપ્તાહિક (મંગળ અને શુક્ર) | 29.06.2021 | 01.10.2021 |
| 04817 | ભગતકી કોઠી | દાદર | દ્વિ-સાપ્તાહિક (સોમ અને ગુરૂ) | 28.06.2021 | 30.09.2021 |
| 09707 | બાન્દ્રા (ટ.) | શ્રી ગંગાનગર | દરરોજ | 02.07.2021 | 02.10.2021 |
| 09708 | શ્રી ગંગાનગર | બાન્દ્રા (ટ.) | દરરોજ | 30.06.2021 | 30.09.2021 |
| 02474 | બાન્દ્રા (ટ.) | બિકાનેર જં. | સાપ્તાહિક (મંગળ) | 29.06.2021 | 28.09.2021 |
| 02473 | બિકાનેર જં. | બાન્દ્રા (ટ.) | સાપ્તાહિક (સોમ) | 28.06.2021 | 27.09.2021 |

**સ્પેશિયલ ટ્રેનોનું પુનઃસ્થાપન**

| ટ્રેન નં. | થી | સુધી | ફ્રિકવન્સી | સુધી સૂચિત | સુધી વધારેલ |
|---|---|---|---|---|---|
| 01138 | અમદાવાદ | નાગપુર | ગુરુ | 01.07.2021 | 08.07.2021 |
| 01137 | નાગપુર | અમદાવાદ | બુધ | 30.06.2021 | 07.07.2021 |
| 02297 | અમદાવાદ | પુના | મંગળ, શુક્ર, રવિ | 29.06.2021 | 02.07.2021 |
| 02298 | પૂના | અમદાવાદ | સોમ, ગુરુ, શનિ | 28.06.2021 | 01.07.2021 |

સંબંધિત સ્પેશિયલ ટ્રેનોના રોકાણ તથા વિસ્તૃત સમય માટે કૃપા કરી www.enquiry.indianrail.gov.in પર જુઓ.

માત્ર કન્ફર્મ ટિકિટ ધરાવતા યાત્રીઓને જ આ સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરી કરવા દેવામાં આવશે. યાત્રીઓને બોર્ડીંગ, યાત્રા અને ગંતવ્ય સ્ટેશને કોવિડ-19 સંબંધિત તમામ માનદંડો અને એસઓપીનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે

ટ્રેન નં. 02989, 02490, 04818, 09707 અને 02474 માટે બુકિંગ 01.07.2021થી નિર્ધારિત PRS કાઉન્ટર તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો પૂર્ણપણે આરક્ષિત ટ્રેનોરૂપે દોડાવાશે

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly
Follow us on: twitter.com/WesternRly

કૃપા કરી તમામ આરક્ષિત ટિકિટો માટે ઓળખપત્ર સાથે રાખો

**REQUEST FOR PROPOSAL**

The Gujarat Cooperative Milk Marketing Federation Ltd. invites sealed Proposals from reputed/eligible vendors for the design, development and implementation of Common Application (AMCS) for Village Dairy Cooperative Societies (VDCS) at various village level Milk Collection Centres within Gujarat and outside Gujarat.

The RFP document detailing the Eligibility Criteria, Scope of Work, Terms & Conditions for undertaking the assignment can be downloaded from the Website http://www.amul.com.

The RFP, complete in all respect, should be submitted in a sealed envelope duly subscribed as "RFP for AMCS," addressed to Sr. Manager (Finance & Systems), Gujarat Co-operative Milk Marketing Federation Ltd., Amul Dairy Road, Anand 388 001, Gujarat, latest by 15th July 2021.

Note: GCMMF Ltd. reserves the right to make changes to the terms of the RFP document and reject any or all proposal(s), without assigning any reasons.

Date: 30 June 2021 Sd/-
Place: Anand Sr. Manager (Fin. & Sys.)

Amul SAGAR

**સુપ્રિમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ, લિમિટેડ (ફડચામાં), સુરતની સ્થાવર અસ્કામતોના વેચાણ માટે અભિરૂચિની અભિવ્યક્તિ (EOI) માટે આમંત્રણ**

સુપ્રિમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ લિમિટેડની લિક્વિડેશન (એનસીએલટીનાં ૫મી એપ્રિલ, ૨૦૨૧નાં ઓર્ડર સીપી (આઈબી)– 501/7/NCLT/AHM/2018 (૧૨મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ પ્રકાશિત)નાં લિક્વિડેશન પ્રોરંભ)ની કાર્યવાહીના અનુસંધાને, સાથે સાથે નીચે સહી કરનારને લિક્વિડેટર તરીકે નિયુક્ત કરતા), લિક્વિડેટરે ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ની કલમ ૩૫(૧) (એફ) સહીત વંચાણે લેતા આઈબીબીઆઈ (લિક્વિડેશન) પ્રક્રિયા) નિયમનો ૨૦૧૬નો નિયમન ૩૩ મુજબ કંપનીની અસ્કામતોના નીચે આપેલ બ્લોકનાં વેચાણ માટે અભિરૂચિની અભિવ્યક્તિ આમંત્રિત કરે છે.

| અ. નં. | અસ્કામતોના બ્લોક | અનામત કિંમત (રૂા. કરોડમાં) | બાનાની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ફેક્ટરીની જમીન અને બિલ્ડિંગ પ્લાન્ટ અને મશીનરી તથા પ્રિમાઈસિસમાં રહેલ સ્ટોક્સ સહિત<br>સ્થળ: પ્લોટ નં. ૮૨૩/૨, સચિન ઔદ્યોગિક ક્ષેત્ર એસ્ટેટ, સાગર હોટલ પાસે, રોડ નં. ૮, સચિન જીઆઈડીસી, તલંગપોર, ચોર્યાસી, સુરત | ૮.૫૦ | ૮૫.૦૦ |
| ૨ | ઔદ્યોગિક જમીન જગ્યા ૪૩૮૯૪ ચો.ફૂ.<br>સ્થળ: પ્લોટ નં. ૧૫, સચિન એપરલ પાર્ક (એસઈઝેડ) સચિન ઔદ્યોગિક એસ્ટેટ, વાંઝ, સુરત | ૨.૨૫ | ૨૨.૫૦ |
| ૩ | કોમર્શિયલ દુકાન જગ્યા ૧૭૦૦ ચો.ફૂ. (કાર્પેટ એરિયા)<br>સ્થળ: દુકાન નં. ડી–૧૪૨૫ થી ૧૪૨૯ અને ડી–૧૪૭૮ થી ૧૪૮૨, ગ્રાઉન્ડ ફ્લોર, રઘુકુળ માર્કેટ, મિલેનિયમ ટેક્ષસ્ટાઈલ માર્કેટ પાસે, મીઠી ખડી રોડ, ઓફ રિંગ રોડ, આંજણા, સુરત | ૩.૭૫ | ૩૭.૫૦ |

રસ ધરાવતા અરજદારો આમંત્રણની શરતો મુજબની નિર્ધારિત ઈએમડી ફી સાથે કંપનીની અસ્કામતોનાં વેચાણ માટે તેમની ઈઓઆઈ જમા કરી શકશે. આ ઈઓઆઈમાં વિસ્તૃત નિયમો અને શરતો માટે www.auctionfocus.in ની મુલાકાત લો અથવા liquidator.supremeindia @gmail.com તથા liqoffice.supremeindia@gmail.com પર ઈમેલ કરો. સંપર્ક વિગત: +91-9833271593

અન્ય મુદ્દા:
૧. આ હરાજી માન્ય સર્વિસ પ્રદાતા, www.auctionfocus.in દ્વારા "જે છે ત્યાં છે, 'જે છે તે છે', 'જેમ છે તેમ છે', અને "નો રિકોર્સ" આધારિત યોજવામાં આવશે.
૨. આ વેચાણ નોટિસને અસ્કામતોની એક્ષિપ્ર વિગતો, ઓનલાઈન ઈ–હરાજી ટેન્ડર ફોર્મ, ક્ષતિ પૂર્તિ કરાર, ઈ–હરાજી વેચાણનાં સામાન્ય નિયમો અને શરતો જે વેબસાઈટ www.auctionfocus.in પર અથવા liquidator.supremeindia@gmail.com અને liqoffice.supremeindia @gmail.com પરથી મેળવી શકાય વગેરે સમાવતા ઈ–હરાજી પ્રક્રિયા દસ્તાવેજની સાથે જોડાણમાં વંચાણમાં લેવી.
૩. ઈ–હરાજી દસ્તાવેજો લિક્વિડેટરો ભૌતિકરૂપે અથવા ઈ–મેલ દ્વારા આપેલ સરનામેઃ જી–૧૯, શ્રીવર્ધન કોમ્પ્લેક્ષ, મેઝનિન ફ્લોર, લેન્ડમાર્ક બિલ્ડિંગ પાસે, રામદાસ પેથ, વર્ધારોડ, નાગપુર, મહારાષ્ટ્ર–૪૪૦૦૧૦ ને ૧૨/૦૭/૨૦૨૧ના રોજ સાંજના ૫:૦૦ કલાક પહેલા પહોચતા કરવાના રહેશે.
૪. આ ઈ–હરાજી ૨૧/૦૭/૨૦૨૧ના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન આયોજિત કરવામાં આવશે.

તારીખ: ૩૦/૦૬/૨૦૨૧ વિકાસ પ્રકાશ ગુપ્તા
સ્થળ: સુરત લિક્વિડેટર
સુપ્રિમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ લિમિટેડ
રજિસ્ટ્રેશન નં. IBBI/IPA-001/IP-P00501/2017-18/10889

**All India Central Services Training Centre**
**The Maharaja Sayajirao University of Baroda**
NAAC Accredited Grade "A"
Opp. Prof. C.C. Mehta Auditorium, General Education Building, Vadodara-390002 AICS Since 1979
**AICSTC ONLINE ADMISSION NOTICE [2021-22]**
AICS Training Centre of the Maharaja Sayajirao University of Baroda Provides training to the MSU and non -MSU Civil Services aspirants.

| | Regular Course | Self-Finance Course [CSP] | |
|---|---|---|---|
| Eligibility &Age limit | Graduation / Final year of Graduation in any discipline. Age Limit: Below 32 years | XII Class Pass, Any Board. | Lectures will be held on online mode. |
| APPLICATION FORMS- Availability | www.msubaroda.ac.in/news 30th June, 2021. | www.msubaroda.ac.in/news 17th August-25th September, 2021. | Please fill the Application, sign it, then scan it and submit by email ID given below. |
| Application form/ Registration fee | Rs. 600/- [Online Payment] | Rs. 600/- [Online Payment] | Bank details are given in the application form. |
| Submission Date & Email: | 20th August, 2021. aicsmsu@gmail.com | 14th September, 2021. cspaicsmsu@gmail.com | |

Prof. Surjit Mukherjee- Hon. Director- 9426386904
Dr. Akash Kumra- Associate Director- 9426531951. Office:0265-2795517 Time : 11.00 am to 05.30 pm
(માહિતી-વડો-૩૫૭-૨૧-૨૨)